# અરજી પત્રક

પ્રતિ,
પોલીસ મહાનિદેશકશ્રી,
સી.આઇ.ડી ક્રાઇમ અને રેલ્વેઝ,
સેકટર-૧૮, ગુજરાત રાજય, ગાંધીનગર

ઉમેદવારનો
તાજેતરનો
પાસપોર્ટ સાઇઝ-૧
ફોટોગ્રાફ (સહી સાથે)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | અરજદારનુ પુરૂ નામ | : | | | |
| | | | અટક | નામ | પિતા/પતિનુ નામ |
| ૨ | પત્ર વ્યવહારનુ સરનામુ પીન કોડ નંબર સહિત અને બે મોબાઇલ નંબર (ઉમદેવારનો અને પરિવારના સભ્યનો) | : | | | |
| | | : | | | |
| | | : | | | |
| ૩ | જન્મ તારીખ | : | (તા. / /૨૦૨૧ના રોજ) | | |
| ૪ | ઉંમર | | | | |
| ૫ | અભ્યાસ | | | | |
| | ક્રમ | પદવી | માન્ય યુનિ.નું નામ | પાસ કર્યાનુ વર્ષ | મેળવેલ ટકા/વર્ગ |
| | ૧ | | | | |
| | ૨ | | | | |
| | ૩ | | | | |
| ૬ | અન્ય લાયકાત | : | | | |
| ૭ | બાર કાઉન્સીલ ઓફ ગુજરાતમાં Enrolment કરાવ્યા તારીખ: | | | | |
| ૮ | અનુભવ | : | | | |
| | | : | | | |
| | | : | | | |

## બાંહેધરી પત્રક

આથી હું .................................... જાહેર કરૂ છું કે ઉપર દર્શાવેલ વિગતો સંપૂર્ણપણે સત્ય છે, જો દર્શાવેલ માહિતી ખોટી કે ગેરમાર્ગે દોરનારી જણાશે તો પોલીસ મહાનિદેશકશ્રી સી.આઇ.ડી ક્રાઇમ અને રેલ્વેઝ , ગુજરાત રાજય, ગાંધીનગરનો નિર્ણય મને બંધનકર્તા રહેશે.

અરજી કર્યા તારીખ:

( ઉમેદવારની સહી )

## પરિશિષ્ટ-૧

## કાયદા અધિકારીશ્રીની નિમણુંક માટે શરતો અને બોલીઓ:-

(૧) શ્રી ----------------- આ નિમણુંક તેઓ હાજર થાય તે તારીખ થી પ્રથમ તબકકે ૧૨માસની મુદત માટેની રહેશે.

(૨) નિમણુંક કરનાર કે નિમણુંક પામનાર એ બન્ને પક્ષો એક માસની નોટીસ આપીને કરાર નિયુકિતનો અંત લાવી શકશે.

(૩) તેઓએ પોલીસ ખાતાની કચેરીઓ ખાતે ફરજ બજાવવાની રહેશે.

(૪) તેઓની સામાન્ય ફરજો અને જવાબદારીઓ આ સાથે સામે પરિશિષ્ટ-૨માં જણાવ્યા પ્રમાણેની રહેશે.

(૫) તેઓને રૂ.૪૦,૦૦૦/- (અંકે રૂપિયા ચાલીસ હજાર પુરા) માસિક એકત્રિત રકમ મળવાપાત્ર થશે.

(૬) ઉપર પ્રમાણેના એકત્રિત વેતન પર તેમને કોઇપણ જાતનાં ભથ્થાં મળવાપાત્ર થશે નહિ.

(૭) કરારના સમયગાળા દરમ્યાન તેઓને એકત્રિત વેતનમાં કોઇપણ પ્રકારનો વધારો કે ઇજાફો મળવાપાત્ર થશે નહિ. મોંઘવારી ભથ્થુ વચગાળાની રાહત તથા પગારપંચના બીજા લાભો મળવાપાત્ર થશે નહિ.

(૮) કરારના સમયગાળા દરમ્યાનની નોકરી બદલ વધારાનું પેન્શન, બોનસ, એલ.ટી.સી એન્કેશમેન્ટ ઓફ લીવ, પેશગી કે તેવા અન્ય કોઇપણ પ્રકારના નાણાંકીય લાભો મળવાપાત્ર થશે નહિ.

(૯) કરારના સમય ગાળા દરમ્યાન તેઓનું અવસાન થાય તો તેમણે બજાવેલુ ફરજના સમયગાળાના એકત્રિત વેતનની લેણી રકમ તેઓના કુટુંબીજનોને મળવાપાત્ર થશે. પરંતુ બીજા કોઇ નાણાંકીય લાભ એક્ષગ્રેસીયા લાભ કે રહેમરાહે નોકરી જેવા આનુષાંગિક લાભ મળવાપાત્ર થશે નહિ.

(૧૦) તેઓના કામકાજનો સમય ૧૦.૩૦ થી ૧૮.૧૦ કલાક સુધી કચેરીના સમય મુજબનો રહેશે અને તે અનુસાર કચેરીમાં હાજરી આપવાની રહેશે. પ્રસંગોપાત વધુ સમયના કામ માટે કોઇ વળતર ભથ્થું આપવામાં આવશે નહિ.

(૧૧) તેઓને વર્ષ દરમ્યાન ૧૨ પરચુરણ ઉપરી અધિકારીશ્રીની પુર્વમંજુરીથી મળવાપાત્ર થશે અને અન્ય કોઇ રજા મળવાપાત્ર થશે નહિ. અનિવાર્ય સંજોગોના કારણો જો તેમણે વધુ રજા લેવાની થાય તો તેવી ગેરહાજરીના સમયગાળા સામે મળતી માસિક ઉચ્ચક રકમમાંથી પ્રમાણસર થતી રકમની કપાત કરવામાં આવશે.

(૧૨) તેઓએ કાર્યમથક પર રહેઠાણ રાખવાનું ફરજીયા રહેશે અને ઉપરી અધિકારીશ્રીની પરવાનગી વગર મુખ્ય મથક છોડી શકશે નહિ.

(૧૩) તેઓએ સરકારી કામકાજ અર્થે પ્રવાસ પર જવાનું થાય તો તેવા પ્રસંગે સરકારના વર્ગ-૧ના અધિકારીશ્રીને મળતા લઘુતમ ગ્રેડ-પેના પગાર ધોરણમાં મળવાપાત્ર પાંચમાં પગાર પંચ મુજબના પગારના લઘુત્તમ પગાર ધોરણ મુજબ મુસાફરી ભથ્થુ અને દૈનિક ભથ્થુ મળવાપાત્ર થશે.

(૧૪) તેઓને ગુજરાત મુલ્કી સેવા (વર્તણુંક), ૧૯૭૧ તથા મુલ્કી સેવા (શિસ્ત અને અપીલ)-૧૯૭૧માં ઠરાવેલ બાબતો બંધનકર્તા રહેશે અને તેનો ભંગ થયે કરારનો સમય કોઇપણ જાતની કાર્યવાહી વગર સમાપ્ત કરી શકાશે.

(૧૫) તેઓએ મળનાર માસિક એકત્રિત વેતનની ત્રણ ગણી રકમનું બોન્ડ આપવાનું રહેશે.

(૧૬) સરકારશ્રી તરફથી વહીવટી હિતમાં બીજી કોઇ જરૂરી શરતો નકકી થાય તે પણ બંધનકર્તા રહેશે.

(૧૭) વ્યવસાય વેરા કપાત ફીકસ પગારમાંથી કરી લેવાની રહેશે.

(૧૮) નિમણુંકના સમય દરમિયાન તેમણે બજાવેલ સરકારી સેવાની બાબત અંગે કોઇ પણ પ્રકારના ફોજદારી કે દીવાની કાર્યવાહી સબબ રાજય સરકારની કોઇ જવાબદારી રહેશે નહિ.

(૧૯) કરાર આધારિત ઉચ્ચક વેતનથી નિમણુંક પામેલ વ્યકિતને સરકારી મહેકમ ઉપર સમાવિષ્ટ માટેનો હકક પ્રાપ્ત થશે નહિ.

(૨૦) ઉપરોકત શરતો નિમણુંક પામનાર વ્યકિતને સ્વીકાર્ય છે, તે અંગેનુ સંમતિપત્ર મેળવવાનું રહેશે.

(૨૧) તેઓએ દર ત્રણ મહિને કેટલા કેસમાં હાજર રહયા, કેટલા કેસનો નિકાલ થાય તે પૈકી કેટલા કેસોમાં સરકાર પક્ષે ચુકાદો આવ્યા અને કેટલા કેસમાં સરકાર વિરુધ્ધ ચુકાદા આવ્યા તેની કોર્ટ કેસવાર ચોક્કસ માહિતી સબંધિત અધિકારીશ્રીને અચુક રજુ કરવાની રહેશે.